**નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,**
**ડૉ. જીવરાજ મહેતા ભવન, બ્લોક નં.૪/૨, ગાંધીનગર.ફોન નં. ૦૭૯-૨૩૨-૫૧૬૫૫**

**મહારાજા સયાજીરાવ ગાયકવાડ અનુસૂચિત જાતિ સાહિત્ય પ્રકાશન સહાય યોજના જાહેરાત વર્ષ: ૨૦૨૪-૨૫**

**-: પુન: જાહેરાત :-**

અનુસૂચિત જાતિના સાહિત્યકારો, સર્જકો, સંશોધકો અને પી.એચ.ડી ધારકોને અનુસૂચિત જાતિઓની વિવિધ સમસ્યાઓ સંબંધિત લખાણો અને સાહિત્યના પ્રકાશન માટે રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા)સુધીની સહાય આપવામાં આવે છે.આ યોજના અન્વયે અનુસૂચિત જાતિઓની વિવિધ સમસ્યાઓ સંબંધિત મૌલિક લખાણો અને સાહિત્યના પ્રકાશન માટે જ સહાય મળી શકશે.કોઈપણ અનુવાદ માટે સહાય મળી શકશે નહિ. આ યોજનાના નિયત અરજી પત્રક સંબંધિત જિલ્લાના નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીમાંથી અથવા આ કચેરીમાંથી તેમજ આ કચેરીની વેબસાઈટ **http://sje.gujarat.gov.in/dscw**ઉપરથી ડાઉનલોડ કરીને મેળવી શકાશે. નિયત નમૂનાના અરજીપત્રકમાં સંપૂર્ણ વિગતો/આધારસહ આ કચેરીને તા.૦૯/૧૨/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪ સુધીમાં મોકલી આપવાના રહેશે. સમય મર્યાદા બાદ મળેલ આવેદનપત્રો રદ ગણવામાં આવશે. આવેદનપત્ર સાથે અનુસૂચિત જાતિના પ્રમાણપત્રની નકલ તથા અરજીપત્રકમાં દર્શાવ્યા મુજબની નકલો અવશ્ય જોડવાની રહેશે. અગાઉ લાભ મળેલ હોય તેવી વ્યકિતએ અરજી કરવાની રહેશે નહિ.

નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

**અરજીપત્રક મોકલવાનું સરનામુ** :નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, બ્લોક નં. ૪/૨, ડૉ.જીવરાજ મહેતાભવન, ગુજરાત રાજ્ય,ગાંધીનગર.